RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 351 * Date: 11.10.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-




# ભારતના 'રતન'ની વિદાય: પંચમહાભૂતમાં વિલીન થયા રતન ટાટા



ટાટા સન્સના ચેરમેન એમેરિટસ રતન નવલ ટાટાનું ૮૬ વર્ષની વયે નિધન થયું છે. બુધવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. તેમને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલના ઈન્ટેન્સિવ કેર યુનિટમાં દાખલ કરવામાં આવ્યા હતા અને તેઓ વય-સંબંધિત બીમારીઓથી પીડાતા હતા.તેમનો પાર્થિવદેહને નરીમાન પોઈન્ટ ખાતેના નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટસ માં રાખવામાં આવ્યો હતો. અહીંથી તેમની અંતિમયાત્રા વરલી સ્મશાનગૃહ પહોંચી. અહીં રાજકીય સન્માન સાથે તેમના અંતિમસંસ્કાર કરવામાં આવ્યા.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, મહારાષ્ટ્રના ઝસ એકનાથ શિંદે, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મુકેશ અંબાણી અને કુમાર મંગલમ બિરલા સહિત રાજકારણ, રમતગમત અને વ્યવસાયની ઘણી હસ્તીઓએ ટાટાને શ્રદ્ધાંજલિ આપી.

પદ્મ વિભૂષણ અને પદ્મ ભૂષણથી સન્માનિત રતન ટાટાને ૨ દિવસ પહેલાં ૧૭ ઓક્ટોબરૈં ઝેંમાં દાખલ કરવાના સમાચાર આવ્યા હતા, જોકે તેમણે પોતે આ વાતને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે તેઓ ઠીક છે અને રૂટિન ચેકઅપ માટે હોસ્પિટલ આવ્યા હતા.

ગુરુવારે સવારે રતન ટાટાના પાર્થિવદેહને તેમના કોલાબાના ઘરેથી નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ્સમાં લઈ જવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય બેન્ડે તેમને સન્માન આપ્યું.

ગુરુવારે સવારે રતન ટાટાના પાર્થિવદેહને તેમના કોલાબાના ઘરેથી નેશનલ સેન્ટર ફોર પર્ફોર્મિંગ આર્ટ્સમાં લઈ જવામાં આવ્યો હતો. આ પ્રસંગે રાજ્ય બેન્ડે તેમને સન્માન આપ્યું.રતન ટાટાના પાર્થિવદેહને નરીમાન પોઈન્ટ ખાતે નેશનલ સેન્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના લૉનમાં રાખવામાં આવ્યો હતો.રતન ટાટાના પાર્થિવદેહને નરીમાન પોઈન્ટ ખાતે નેશનલ સેન્ટર ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના લૉનમાં રાખવામાં આવ્યો હતો.રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવા અનેક લોકો આવ્યા હતા. ઈૈં ગવર્નર શક્તિકાંત દાસે પણ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.રતન ટાટાને શ્રદ્ધાંજલિ આપવા અનેક લોકો આવ્યા હતા. ઈૈંગવર્નર શક્તિકાંત દાસે પણ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી.મોદી-રાહુલ અને સુંદર પિચાઈ સહિતના મહાનુભાવોએ શોક વ્યક્ત કર્યો

ટાટાના ચેરમેન એન. ચંદ્રશેખરનઃ ખૂબ જ દુઃખની સાથે અમે રતન ટાટાને વિદાય આપીએ છીએ. ટાટા જૂથ માટે અધ્યક્ષ કરતાં વધુ હતા. મારા માટે તેઓ ગુરુ, માર્ગદર્શક અને મિત્ર હતા.

રાષ્ટ્રપતિ મુર્મુઃ ભારતે કોર્પોરેટ વૃદ્ધિ, રાષ્ટ્રનિર્માણ અને નૈતિકતા સાથે શ્રેષ્ઠતાનું મિશ્રણ કરનારું પ્રતીક ગુમાવ્યું છે. પદ્મ વિભૂષણ અને પદ્મ ભૂષણ પુરસ્કાર વિજેતા રતન ટાટાએ ટાટા જૂથના વારસાને આગળ વધાર્યો છે. નરેન્દ્ર મોદીઃ ટાટા એક સ્વપ્નદ્રષ્ટા બિઝનેસ લીડર, દયાળુ આત્મા અને અસાધારણ માનવી હતા. તેમણે ટાટા ગ્રુપને સતત નેતૃત્વ પૂરું પાડ્યું, જે ભારતના સૌથી જૂના અને સૌથી પ્રતિષ્ઠિત બિઝનેસ હાઉસમાંના એક છે. તેમનું યોગદાન બોર્ડ રૂમથી ઘણું આગળ હતું.

રાહુલ ગાંધીઃ રતન ટાટા દૂરદર્શી માણસ હતા. તેમણે બિઝનેસ અને પરોપકાર બંને પર અમીટ છાપ છોડી છે. તેમના પરિવાર અને ટાટા સમુદાય પ્રત્યે મારી સંવેદના.

મુકેશ અંબાણીઃ ભારત માટે આ ખૂબ જ દુઃખદ દિવસ છે. રતન ટાટાની વિદાય માત્ર ટાટા ગ્રુપ માટે જ નહી, પરંતુ દરેક ભારતીય માટે મોટી ખોટ છે. અંગત રીતે રતન ટાટાના નિધનથી મને ખૂબ જ દુઃખ છે, કારણ કે મેં એક મિત્ર ગુમાવ્યો છે.

ગૌતમ અદાણીઃ ભારતે એક મહાન અને સ્વપ્નદ્રષ્ટા માણસ ગુમાવ્યા છે. ટાટાએ આધુનિક ભારતના માર્ગને ફરીથી વ્યાખ્યાયિત કર્યો. ટાટા માત્ર એક બિઝનેસ લીડર નહોતા, તેમણે કરુણા સાથે ભારતની ભાવનાને મૂર્તિમંત કરી હતી.

# ઉત્તર પ્રદેશમાં ગોઝારો અકસ્માત, ઊભા ડમ્પરમાં ઘૂસી ગઈ કાર, પતિ-પત્ની સહિત ૪નાં મોત




ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ-વારાણસી હાઈવે પર બિહાડા (મિર્ઝામુરાદ) નજીક ગુરુવારે (૧૦મી ઓક્ટોબર) એક ભીષણ માર્ગ અકસ્માત થયો હતો. પુરપાટ ઝડપે આવતી કાર પાર્ક કરેલા ડમ્પરમાં અથડાઈ હતી. આ અકસ્માતમાં કારમાં મુસાફરી કરી રહેલા દંપતી, એક વૃદ્ધ મહિલા અને અન્ય એક યુવતીનું મોત થયું હતું. કારમાં બેઠેલો ૧૨ વર્ષનો છોકરોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે હાલ સારવાર હેઠળ છે. અકસ્માત બાદ ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે દરવાજો કાપી મૃતદેહ બહાર નીકળ્યા હતા.

અહેવાલો અનુસાર, મંડુઆડીહના બજરંગ નગર કોલોનીમાં રહેતા દીપક પાંડે વિંધ્યાચલથી કારમાં ઘરે પરત ફરી રહ્યા હતા. ગુરુવારે સવારે તેમની કાર નેશનલ હાઈવે-૧૯ નજીક હાઈવેની બાજુમાં પાર્ક કરેલા ડમ્પર સાથે અથડાઈ હતી. કારની સ્પીડ એટલી વધારે હતી કે અકસ્માત બાદ ડમ્પર લગભગ ૧૦૦ મીટર આગળ વધી ગયું હતું.

અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. કારમાંથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. તેમાંથી ત્રણનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે એકનું બીએચયુના ટ્રોમા સેન્ટરમાં સારવાર દરમિયાન મોત થયું હતું.

# રાષ્ટ્રીય પ્રિ-પોલ સર્વે કહે છે : હેરિસ ટ્રમ્પ કરતા પાતળી બહુમતીથી આગળ છે



ન્યૂયોર્ક : અમેરિકાના પ્રમુખપદની ચૂંટણી આડે હવે, એક મહિનાથી પણ ઓછો સમય (૨૬ દિવસ) રહ્યો છે ત્યારે સીના કૉલેજ અને ન્યૂયોર્ક ટાઈમ્સે હાથ ધરેલા પ્રિ-પોલ સર્વે પ્રમાણે કમલા હેરિસ પાતળી બહુમતીથી આગળ છે. ૪૯ ટકા મતદારો તેમના તરફે છે જ્યારે ૪૬ ટકા ટ્રમ્પ તરફે છે. એક માહિતી તે પણ છે કે, બાકીના પાંચ ટકા પૈકી ઘણા કમલા તરફે ઢળતા જોવા મળ્યા છે.વાસ્તવમાં સપ્ટેમ્બરની મધ્યમાં યોજાયેલ પ્રિ-પોલ સર્વેમાં બંને પ્રતિસ્પર્ધીઓ ૪૬-૪૭ ટકા મતદારો પોતપોતાના તરફે ધરાવતા હતા પરંતુ છેલ્લે સાન-બેટલ ગ્રાઉન્ડ સ્ટેટસમાં પડેલા મત કમલાને રેઝર-રેઈઝ બહુમતી તરફ લઈ જાય છે.

કમલા હેરિસે રેડીયો આઈકોન હાવર્ડ- સ્ટર્નને ૭૦ મિનિટના ઈન્ટરવ્યૂમાં મંગળવારે કહ્યું હતું કે, 'આ ચૂંટણી શક્તિ વિરૂદ્ધ નિર્બળતા સામેની છે. અમેરિકન જનતાની સામે જઈને કોઈ ઉભા રહે છે પરંતુ તેમની પાસે અમેરિકનોની જરૂરિયાતો, તેઓના સ્વપ્નો અને તેઓની એષણાઓ સંતોષવાની શક્તિ નથી.' આ સાથે હેરિસે ખુલ્લા મને સ્વીકાર્યું હતું કે, 'આ ચૂંટણીમાં જે દાવ ઉપર છે, તે વિચારતા મારી ઉંઘ ઊડી જાય છે, શબ્દશઃ ઉંઘ ઊડી જાય છે.'

# સુરત પાલિકાના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર કેટેગરી માટે નવું યુનિયન

સુરત પાલિકામાં હાલમાં જુદા-જુદા ૨૬ યુનિયન છે તેમાં હવે વધુ એક યુનિયનનો ઉમેરો થવા જઈ રહ્યો છે. સુરત પાલિકાના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર કેટેગરી માટે નવું યુનિયન માટે જાહેરાત કરવામાં આવી છે અને એક બેઠકનું પણ આયોજન કરવામા આવ્યું છે. આરોગ્ય કર્મચારીઓ, આમ કર્મચારીઓ જુદા જુદા સંગઠનોમાં વેરવિખેર હોવાથી તેમની રજૂઆતનો પડઘો યોગ્ય પડતો ન હોવાથી નવું યુનિયન બનાવવામાં આવ્યું છે. સુરત પાલિકાના મ્યુનિસિપલ કોર્પોરેશન હેલ્થ એમ્પ્લોઈઝ યુનિયનની બનાવ્યું છે અને સાંજે રૂસ્તમપુરા સિંગાપુરની વાડીમાં બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન હેલ્થ એમ્પ્લોઈઝ યુનિયન'' (સૂચિત) ના નવા વરાયેલા હોદ્દેદારોની વરણી કરવામાં આવશે. નવા યુનિયન બનાવવા પાછળનું કારણ એવું આપવામાં આવ્યું છે કે, માત્ર આરોગ્ય વિભાગના સુપરવાઈઝર કેડરના પ્રતિનિધિત્વ કરે તેવું કોઈ વિશેષ કે અલાયદું યુનિયન કાર્યરત ન હોવાને કારણે આરોગ્ય વિભાગના આ કર્મચારીઓ જુદા-જુદા યુનિયનમાં વહેંચાયેલા છે. આરોગ્ય વિભાગના કર્મચારીઓ જુદા-જુદા સંગઠનોમાં વેરવિખેર હોવાથી તેમના પ્રશ્નોનો યોગ્ય નિરાકરણ આવતું નથી. અનેક વખત પ્રસ્નોની રજુઆત બાદ પરિણામના બદલે માત્ર આશ્વાસન મળે છે તેથી ''સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન હેલ્થ એમ્પ્લોઈઝ યુનિયન'' ના નામથી નવા યુનિયનની સ્થાપના કરવામાં આવી રહી છે.

# નવરાત્રી, દશેરા તહેવાર નિમિત્તે વડોદરા કોર્પોરેશનનું ચેકિંગ : ખાદ્ય પદાર્થનો જથ્થો જપ્ત, ૧૨૬ નમૂના લીધા

નવરાત્રી તેમજ દશેરા તહેવાર નિમિત્તે પાલિકાના કમિશનર દિલીપ રાણાની સુચના હેઠળ અધિક આરોગ્ય અમલદાર ડો.મુકેશ વૈદ્યના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ખોરાક શાખા ખાતે ફરજ બજાવતા ફૂડ ઈન્સ્પેક્ટરો દ્વારા નવરાત્રી મહોત્સવના વિવિધ જગ્યા પર ખાદ્ય પદાર્થોના સઘન ચેકીંગની કામગીરી કરવામાં આવેલ હતી.

ગુજરાત સરકાર તેમજ વડોદરા પાલિકા દ્વારા જાહેર જનતાને શુધ્ધ સાત્વિક અને સલામત આહાર મળી રહે તે માટે ફુડ બીઝનેશ ઓપરેટરો ખાધ્ય સલામતી અંગે અવેરનેશ આવે તેમજ ખોરાકમાં થતી ભેળસેળ અટકે અને જે તે જગ્યાએ સ્વચ્છતા તેમજ સુવિધાઓ જળવાઇ રહે તે માટે ફુડ સેફ્ટી પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. ઉજવણી દરમ્યાન શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી ખાદ્ય પદાર્થોના નમુના લેવા, ઈન્સ્પેક્શન કરવા, શંકાસ્પદ માલ સીઝ કરવા વિગેરે જેવા કાર્યક્રમો કરવાના થાય છે. ફુડ સેફ્ટી પખવાડિયુ ઉજવણી દરમ્યાન વડોદરા શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી દૂધ તેમજ દુધની બનાવટો, જુદી-જુદી બ્રાન્ડના તેલ, મસાલા, બેકરી આઈટમ, બેસન, રો-મટેરીયલ્સ વિગેરેના ૧૨૬ નમુનાઓ લેવામાં આવેલ. જે નમુનાઓમાંથી ૭૦ નમુનાઓને પૃથ્થકરણ અર્થે ગુજરાત ટેસ્ટ લેબ પ્રા.લિ. અમદાવાદ તેમજ ૫૬ નમુનાઓને પૃથ્થકરણ અર્થે પબ્લીક હેલ્થ લેબોરેટરી, ફતેગંજ ખાતે મોકલી આપવામાં આવેલ. ૫૩ પેઢીઓમાં ઈન્સ્પેક્શન કરવામાં આવેલ તેમજ રૂ.૨,૨૮,૬૨૦.૫ની કિંમતનો ૧૫૧૦.૭ કિ.ગ્રા. શંકાસ્પદ ખાધ્ય પદાર્થનો જથ્થો સીઝ કરવામાં આવેલ હતો. શહેરની જુદીજુદી સ્કુલો, મંદિરો, ગરબા ગ્રાઉન્ડો વિગેરેમાં મળી ૧૯ જેટલા અવેરનેશ કેમ્પ કરવામાં આવેલ. કેમ્પ દરમ્યાન ૨ લાખ જેટલા નાગરીકોને ખાધ્ય ખોરાકમાં થતી ભેળસેળ બાબતે અવેર કરવામાં આવ્યા. મીઠાઇ-ફરસાણ, કેટરર્સ વિગેરે એસોસીએશનના હોદ્દેદારો સાથે ૮ જેટલા ટ્રેનિંગ પ્રોગ્રામ કરવામાં આવ્યા જેમાં ફુડ બીઝનેશ ઓપરેટરોએ ખાધ્ય સલામતી અંગે ધ્યાનમાં રાખવા જેવી બાબતોને ચર્ચાઓ કરવામાં આવી.

નવરાત્રી તેમજ આગામી દશેરા પર્વ નીમીત્તે ખોરાક શાખા દ્વારા ગરબા ગ્રાઉન્ડ તેમજ મીઠાઇ-ફરસાણની દુકાનોમાં સઘન ઈન્સ્પેક્શનની કામગીરી કરવામાં આવેલ.

## તંત્રી સ્થાનેથી..

# પાકિસ્તાનના અર્થતંત્ર કરતાં વધુ વેલ્યૂએશન, ૧૦ લાખને રોજગાર

મીઠુંથી માંડી એરલાઈન સુધી લગભગ તમામ સેગમેન્ટમાં બિઝનેસ કરતાં ટાટા ગ્રુપની નેટવર્થ પાકિસ્તાનના જીડીપી કરતાં વધુ છે. પાકિસ્તાનનો આ વર્ષનો જીડીપી ૩૪૭ અબજ ડોલર હોવાનો અંદાજ છે, જ્યારે ટાટા ગ્રુપની માર્કેટ કેપ રૂ. ૪૦૦ અબજ ડોલરથી વધુ છે. ટાટા ગ્રુપ ભારતનો ૪૦૦ અબજ ડોલરનો બિઝનેસ ધરાવતી દિગ્ગજ ઈન્ડસ્ટ્રી છે. જેના સામ્રાજ્યમાં ૧૦૦થી વધુ કંપનીઓ છે. ગ્રુપની ૨૬ કંપનીઓ સ્ટોક એક્સચેન્જીસ પર લિસ્ટેડ છે.ટાટા ગ્રુપ ખૂબ જુની કારોબારી ઘરાનાનું છે. ૧૮૬૮માં એક ટ્રેડિંગ કંપની તરીકે તેની શરૂઆત થઈ હતી. ટાટા ગ્રુપમાં આશરે ૧૦૦ કંપનીઓ સામેલ છે. જેનો કારોબાર ૧૦૦થી વધુ દેશોમાં ફેલાયેલો છે. વિશ્વના ૧૫૦ દેશોમાં ટાટા ગ્રુપની પ્રોડક્ટ્સ ઉપલબ્ધ છે.ટાટા ગ્રુપની ટોચની કંપનીઓ ટીસીએસ, ટાટા સ્ટીલ, ટાટા મોટર્સ, ટાઈટન કંપની, ટાટા કેમિકલ, ટાટા પાવર, ઈન્ડિયન હોટલ્સ કંપની, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ટાટા કોમ્યુનિકેશન્સ, વોલ્ટાસ લિમિટેડ, ટ્રેન્ટ લિમિટેડ, ટાટા ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન, ટાટા મેટાલિક્સ, ટાટા એલેક્સી, નાલ્કો લિમિટેડ, ટાટા ટેક અને રેલિસ ઈન્ડિયા સામેલ છે. લિસ્ટેડ ૨૫થી વધુ કંપનીઓના શેર્સ આજે રતન ટાટાના નિધનના કારણે ફ્લેટથી ડાઉન ટ્રેન્ડમાં ટ્રેડ થઈ રહ્યા છે.

ટાટા ગ્રુપ રોજગારી આપવામાં અવ્વલ છે. ટાટા ગ્રુપે લાખોની સંખ્યામાં લોકોને રોજગારી આપી છે. ૨૦૨૩ના આંકડાઓ અનુસાર, ટાટા ગ્રુપમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા ૧૦,૨૮,૦૦૦ હતી. જેમાં ટીસીએસમાં જ ૬.૧૫ લાખ લોકો કામ કરે છે.

# શેરબજારમાં રોકાણકારોની સંખ્યા મામલે ગુજરાત ત્રીજા ક્રમે, સૌથી વધુ ભારતની વાણિજ્યક રાજધાનીમાં



શેરબજારમાં છેલ્લા પાંચ વર્ષમાં રોકાણકારોની સંખ્યા વિક્રમી સ્તરે વધી છે. કોરોના કાળ પછી તો તેજી પર તેજીના કારણે વધુને વધુ લોકો શેરબજારમાં રોકાણ કરવા પ્રવેશી રહ્યા છે. બીએસઈના આંકડાઓ અનુસાર, દેશમાં હાલ ૧૯.૩૯ કરોડ રજિસ્ટર્ડ રોકાણકારો છે. જેમાં ગુજરાત ૧.૮૦ કરોડ રોકાણકારો સાથે ત્રીજા ક્રમે છે. જ્યારે સૌથી વધુ ૩.૫૫ કરોડ રોકાણકારો સાથે મહારાષ્ટ્ર અગ્રેસર છે, જ્યારે ઉત્તરપ્રદેશ ૨.૧૬ કરોડ રોકાણકારો સાથે બીજા ક્રમે છે. છેલ્લા એક વર્ષમાં રજિસ્ટર્ડ રોકાણકારોની સંખ્યા દેશમાં ૩૩.૩૭ ટકા વધી છે. ઈક્વિટી બજાર પ્રત્યે સૌથી ઓછી રૂચિ ધરાવતું રાજ્ય લદ્દાખ છે. લદ્દાખમાં ૨૨૨૫ રોકાણકારો રજિસ્ટર્ડ છે. રોકાણકારોની સંખ્યામાં આકર્ષક વૃદ્ધિ પાછળનું કારણ શેરબજારની તેજી અને આઈપીઓમાં મળતુ રિટર્ન છે. છેલ્લા બે વર્ષથી મેઈન બોર્ડ ઉપરાંત એસએમઈ આઈપીઓ પણ આકર્ષક રિટર્ન આપી રોકાણકારોને કમાણી કરાવી રહ્યા છે.

### અન્ય રાજ્યોમાંથી પણ રોકાણ પ્રવાહ વધ્યું

૧૯૬૧ પહેલાંનો એક એવો સમય હતો જ્યારે ગુજરાત અને મુંબઈ શેરબજારમાં સૌથી વધુ રોકાણકારો ધરાવતા પ્રદેશમાં હતા. બાકીના રાજ્યોમાં ખેતીપ્રધાન વ્યવસાય હોવાથી શેરબજારમાં રોકાણનો રસ ધરાવતા ન હતા. પરંતુ નાણાકીય બજાર અંગે સાક્ષરતા વધતાં વધુને વધુ ખાસ કરીને યુવાનો ઈક્વિટી બજાર તરફ આકર્ષાયા છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તર-પૂર્વીય રાજ્યોમાંથી રોકાણકારો ઈક્વિટી માર્કેટમાં પ્રવેશી રહ્યા છે.

### રોકાણકારોની સંખ્યા બમણી થઈ

વૈશ્વિક સ્તરે ફાઈનાન્સિયલ ઈન્ફોગ્રાફિક્સ માટે જાણીતી ફિનસ્ટોક્સ દ્વારા જાહેર કરાયેલા ભારતના ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રોકાણકારોની સંસ્થા હાલ બમણી થઈ છે. દિલ્હી રાજ્યમાં ૮૬ લાખ રોકાણકારો નોંધાયા છે. તો વળી દાદરા-નગર હવેલી જેવા નાનકડા કેન્દ્રશાસિત પ્રદેશમાં ૭૭ હજાર રોકાણકારો છે.

ચોથાક્રમે રાજસ્થાન અને પાંચમા ક્રમે પશ્ચિમ બંગાળ આવે છે. છત્તીસગઢ અને ઝારખંડ જેવા પછાત ગણાતા રાજ્યોમાં પણ ક્રમશઃ ૨૨ લાખ અને ૩૩ લાખ રોકાણકારો નોંધાયા છે. જે દર્શાવે છે કે ધીમે ધીમે સામાન્ય પ્રજાના માનસમાં સ્ટોક એક્ચેંજની જાગૃતિ વધી છે. અંદમાન નિકોબાર ટાપુઓમાં પણ ૩૯ હજાર જેટલાં રોકાણકારો છે જ્યારે જમ્મુ-કાશ્મીરમાંથી ૯.૭ લાખ લોકો નિયમિત બીએસઈમાં રજીસ્ટર્ડ ઈન્વેસ્ટર્સ છે.


# દશેરાનું મહત્વ

આસો માસની નવલી નવરાત્રિના નવ દિવસ પછીથી જે દસમો દિવસ આવે છે એને દશેરા તરીકે ઓળખવામાં આવે છે. દશેરાનો સાચો અર્થ માઠી દશા હરનાર એવો થાય છે. દશેરાનો ખરો અને સાચો ઉચ્ચાર દશહરા છે, પરંતુ કાળક્રમે અપભ્રંશ થઈને દશેરા શબ્દ બની ગયો છે. નવરાત્રિનાં નવ દિવસ મોડી રાત સુધી જાગીને રાસ ગરબા ખેલીને થાકેલા ખેલૈયાઓ દશેરાના દિવસે આરામ ફરમાવી આનંદ પ્રમોદ કરે છે. દશેરાને વિજયાદશમી તરીકે પણ ઓળખવામાં આવે છે. લંકામાં શ્રી રામ અને રાવણનું મહા યુદ્ધ સતતં નવ દિવસ સુધી ચાલ્યું હતું અને દશમા દિવસે રામે રાવણના રામ રમાડી દીધા હતા, તેથી આ પર્વને વિજયાદશમી તરીકે ઉજવવામાં આવે છે. વિજયાદશમી એ આસુરી શક્તિ તથા અસત્ય ઉપર સત્યના વિજયનું પ્રતીક છે. અહંકારી દુષ્ટ રાવણનો શ્રી રામચંદ્રે વધ કર્યો અને લંકા ઉપર જે વિજય પતાકા ફરકાવી અને સમગ્ર વાનર સેનાએ જે હર્ષોલ્લાસ મનાવ્યો તેને વિજયાદશમી કહેવામાં આવે છે.

દશેરાને બહુ પવિત્ર દિવસ માનવામાં આવે છે. દશેરાના દિવસે લોકો નવી પેઢી કે દુકાનનું ઉદ્ઘાટન કે શુભારંભ કરે છે. અમુક વ્યક્તિઓ પોતાના વાહનો તથા પશુધનને ફૂલહાર ચઢાવી શણગારે છે તો ક્ષત્રિયો પોતાના અસ્ત્ર શસ્ત્રની પૂજા કરે છે. ઔધોગિક કામદારો કારખાના કે ફેક્ટરીમાં મશીનોની સાફ સફાઈ તથા પૂજા અર્ચના કરે છે. દશેરાના દિવસે ગલગોટાના ફૂલથી પૂજા કરવાનું વિશેષ મહત્વ છે.દશેરાના દિવસે સમી વૃક્ષનું પૂજન કરવામાં આવે છે.એવુ કહેવાય છે કે પાંડવોએ બાર વર્ષના વનવાસ પછી તેરમા વર્ષે અજ્ઞાતવાસ વિતાવતાં પહેલાં, પોતાનાં દિવ્ય અસ્ત્ર શસ્ત્ર આ સમી વૃક્ષ પર છુપાવ્યા હતાં અને અજ્ઞાતવાસ પૂરો કર્યા પછી દશેરાના શુભ દિવસે સમી વૃક્ષની વિધિવત પૂજા અર્ચના કરીને, તેમનાં દિવ્ય આયુધો પરત મેળવ્યાં હતાં.અને આ કારણે જ ઈતિહાસમાં સમી વૃક્ષનું મહાત્મ્ય અનોખી રીતે વણાઈ ગયું છે. રાજા રજવાડાના વખતમાં પણ દશેરાના દિવસે જાતજાતની હરિફાઈ, કલા કરતબ તથા નાચગાનના રંગારંગ કાર્યક્રમો યોજાતા હતાં અને રાજા મહારાજાઓની શાહી સવારી આખા નગરમાં ફરતી હતી અને રાજા મહારાજાઓ તરફથી ખિતાબ, ઈલ્કાબ તથા માન આકરામથી વિશેષ વ્યક્તિઓને નવાજવામાં આવતા હતાં તથા ગરીબ,પછાત અને જરૂરતમંદ વ્યક્તિઓને દાન દક્ષિણા, ભેટ સૌગાતો તથા મિઠાઈ વહેંચવામાં આવતી હતી. મોટા શહેરોમાં રાતે રાવણ દહન જેવા કાર્યક્રમો યોજાય છે. દશેરાના દિવસે લગભગ નાના મોટા દરેક નગરોમાં જલેબી ફાફડા ખાવાનો રિવાજ છે. ટૂંકમાં દશેરા એ આનંદ પ્રમોદ અને ખુશી મનાવવાનું પર્વ છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ:૩૮૯૩૫૦, જિ.પંચમહાલ

# જૈનાચાર્ય લોકેશજી ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળ્યા : 'વિશ્વ શાંતિ કેન્દ્ર'ના ઉદઘાટન સમારોહનું આમંત્રણ આપ્યું



**મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આચાર્ય લોકેશજીને તેમના ૪૨મા નિવૃત્તિ દિવસે શુભેચ્છા પાઠવી**

**"આચાર્ય લોકેશજીએ ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મને વિશ્વમાં ગૌરવ અપાવ્યું છે." – મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી**

**નવેમ્બરમાં ગુરુગ્રામમાં ભારતના પ્રથમ 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નું ઉદઘાટન થશે - આચાર્ય લોકેશજી**


'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર' ના સ્થાપક પૂજ્ય જૈન આચાર્ય લોકશાજીએ પોતાના દીક્ષા દિવસ નિમિત્તે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીને મળ્યા હતા અને તેમને નવનિર્મિત "વિશ્વ શાંતિ કેન્દ્ર" વિશે વિગતવાર માહિતી આપી, ઉદઘાટન સમારોહમાં પધારવા માટે આમંત્રણ આપ્યું હતું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો અને આચાર્ય લોકેશજીને તેમના ૪૨માં દીક્ષા દિવસની શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું કે, "આચાર્ય લોકેશજીએ વિશ્વના ખૂણે ખૂણે ભારતીય સંસ્કૃતિ અને જૈન ધર્મનો પ્રચાર કરીને વિશ્વમાં ભારતને ગૌરવ અપાવ્યું છે." તેમણે જણાવ્યું કે, "વિશ્વ શાંતિનો આધાર 'વસુધૈવ કુટુંબકમ'ના આદર્શોમાં રહેલો છે. જો વિશ્વમાં શાંતિ અને સૌહાર્દની વાત થશે તો તે રસ્તો ભારતથી જ જશે. વિશ્વમાં સંકટના સમયમાં દરેક દેશ, દરેક ધર્મના અનુયાયી અને દરેક પીડિત આશાની આંખોથી ભારત તરફ જોતા હોય છે. નવા બનેલા 'વિશ્વ શાંતિ કેન્દ્ર' દ્વારા વિશ્વ શાંતિના પ્રયાસો વૈશ્વિક સ્તરે ઝડપી ગતિએ જીવંત થશે."

આ પ્રસંગે મુખ્યમંત્રીએ 'અહિંસા વિશ્વ ભારતી' દ્વારા પ્રકાશિત 'વિશ્વ શાંતિ કેન્દ્ર'ની પ્રતિકૃતિનું વિમોચન પણ કર્યું હતું. વિશ્વ શાંતિ દૂત આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે, "મે ૮ ઓક્ટોબર, ૧૯૮૩ના રોજ અનુવ્રત અનુશાસ્તા આચાર્ય તુલસીજીના ચરણ કમળમાંથી દીક્ષા લીધી હતી. આજે સન્યાસ જીવનના ૪૧ વર્ષ પૂર્ણ કરીને ૪૨માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યો છું. મુખ્યમંત્રીજી સહિત તમારા બધા તરફથી મળેલી શુભકામનાઓ એ ધર્મ/અધ્યાત્મ અને ભારતીય સંસ્કૃતિની સેવાનો માર્ગ વધુ મોકળો કરશે. ગુરુગ્રામ દિલ્હી હ્રઝઈમાં 'અહિંસા વિશ્વ ભારતી' દ્વારા સ્થાપિત 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નું ઉદઘાટન આગામી નવેમ્બરમાં થવા જઈ રહ્યું છે." મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજી સાથે વિશ્વશાંતિ અને સદભાવનાની ચર્ચા કરતાં તેમણે જણાવ્યું હતું કે, "વિશ્વ શાંતિ કેન્દ્રમાં ધ્યાન અને યોગ દ્વારા શાંતિ શિક્ષણ અને તાલીમ, વ્યક્તિત્વ નિર્માણ, ભારતીય સંસ્કૃતિ અને જૈન જીવનશૈલી પર આધારિત કાર્યક્રમો જેમ કે મહિલા સશક્તિકરણ, બાળકો અને યુવાનોનું સંસ્કૃતિ નિર્માણ, પર્યાવરણ સંરક્ષણ વગેરે યોજાશે."

આ પ્રસંગે ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા શ્યામ જાજુજી, વરિષ્ઠ ધારાસભ્ય નીરજ વોરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા ભારત સરકાર ના પૂર્વ મંત્રી શ્રી ડૉ.વલ્લભભાઈ કથીરિયા

ભારત સરકાર ના પૂર્વ મંત્રી શ્રી ડૉ.વલ્લભભાઈ કથીરિયાએ શ્રી રતન ટાટાને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા તેમની સાથેની યાદો તાજા કરતાં ૧૯૯૯-૨૦૦૦માં દિલ્હીમાં યોજાયેલી ઇન્વેસ્ટમેન્ટ ઇન ગુજરાત બેઠકની યાદગાર ક્ષણને યાદ કરી, કેન્દ્રીય ભારે ઉદ્યોગ મંત્રી તરીકે, શ્રી રતન ટાટા સાથે મુલાકાત કરવાનો અને ચર્ચામાં ભાગ લેવાનો લહાવો મળ્યો. અમે ભારતના ઔદ્યોગિક લેન્ડસ્કેપના વિશેષ રીતે ઓટો મોબાઈલ ઈન્ડસ્ટ્રીના ભાવિ વિશે લાંબી ચર્ચા કરી. શ્રી રતન ટાટાની દ્રષ્ટિ, નમ્રતા અને ભારતની પ્રગતિ પ્રત્યેનું તેમનું સમર્પણ મારા પર અમીટ છાપ છોડી ગયું. રાષ્ટ્રના વિકાસ માટે તેમની ઊંડી પ્રતિબદ્ધતા તેમણે બોલેલા દરેક શબ્દમાં સ્પષ્ટ દેખાતી હતી અને તે સ્પષ્ટ હતું કે તેમના પ્રયાસો માત્ર તેમના સાહસ માટે જ નહીં પરંતુ સમગ્ર દેશની પ્રગતિ માટે હતા.



ટાટા મોટર્સના વિસ્તરણથી લઈને ટાટા ટ્રસ્ટ દ્વારા તેમના પરોપકારી સાહસો સુધી ભારતના ઔદ્યોગિક વિકાસમાં રતન ટાટાના યોગદાનથી અસંખ્ય લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. તેમના નેતૃત્વ અને વ્યાપાર કુશળતાએ ભારતીય ઉદ્યોગને વૈશ્વિક નકશા પર લાવવામાં મદદ કરી, અને સાથે મૂલ્યો, કરુણા અને પ્રામાણિકતાના સદગુણોને તેમને એક ઔદ્યોગિક લીડર તરીકે સ્થાપિત કર્યા હતા.

"શ્રી રતન ટાટા માત્ર એક ઔદ્યોગિક ટાઈટન ન હતા પરંતુ એક માનવતાવાદી મૂલ્યનિષ્ઠ ઉમદા વ્યક્તિ હતા, જેઓ સમાજના હિત માટે તેમની સંપત્તિ અને પ્રભાવનો ઉપયોગ કરવામાં માનતા હતા," ડૉ. કથીરિયાએ જણાવ્યું હતું. "તેમનો વારસો આવનારી અનેક પેઢીઓને પ્રેરણા આપતો રહેશે, માત્ર વ્યવસાયમાં જ નહીં પરંતુ માનવતા અને રાષ્ટ્રની સેવાના મૂલ્યોમાં પણ."

ડૉ. વલ્લભભાઈ કથીરિયા ટાટા પરિવાર, ટાટા ગ્રુપ અને શ્રી રતન ટાટાએ તેમના અદ્ભુત જીવન દરમિયાન સ્પર્શેલા અસંખ્ય જીવનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી.

# અવગણના

ધમ ધમ કરતી આરતી ઘરમાં આવી. સવારથી બહાર ગઈ હતી. આજે નોકરી પર રજા હતી એટલે તેને થયું લાવ મ્નપસંદ કામ આટોપી ઘર ભેગી થાંઉ. ઘરે આવીને પાછી રાતની રસોઈ તો કરવાની બાકી હતી.

અશોક આજે કામ પરથી વહેલો આવી ગયો હતો. તેને ખબર હતી કે આરતી આજે ઘરે છે તો સાથે હિંચકે બેસી સાંજનો ચા નાસતો સાથે કરી શું. જો આરતીને મન હશે તો રાતના સિનેમા જોવા જઈશું અને આરતીને મન હશે તો ભેલ પૂરી ખાઈને પાછા આવીશું.

મહિનાના છેલ્લા અઠવાડિયામાં બહાર સારી હોટલમાં જવું બંનેને ગમતું નહી. સિનેમાના પૈસા તો હંમેશા બજેટ બનાવતા પહેલાં બાજુ પર મૂક્યા હોય. અશોક પોતાના શોખ ઉપર કદી કાતર ન ચલાવતો. આજે આરતીને રજા હતી એટલે શેખચલ્લીના વિચાર કરતો હતો.

આરતીના પગનો અવાજ તેને ચેતવી ગયો. કોને ખબર આજની સાંજ કેવી જશે. તેણે પોતે ઘરમાં છે તેવો કોઈ સંકેત આપ્યો નહી. ગાડી ગેરેજમાં હતી. આરતી ઘરના મુખ્ય દરવાજેથી આવી એટલે તેને ખબર ન પડી.



ખરીદી કરવા ગયેલી આરતીને નવું પર્સ લેવું હતું. જે કક્રપનીનું લેવું હતુ તે રંગની પર્સ સ્ટોકમાં ન હતી. દુકાનદારે વચન આપ્યું આવતા અઠવાડિયે મંગાવી રાખશે. અને આવશે કે તરત ફોન કરશે. આરતીને દોઢ ગાઉનો ધક્કો થયો એટલે વિફરી હતી.

ઘરમાં આવતાની સાથે પર્સ સોફા પર ફેંક્યું. ધબ દઈને બીજા સોફા પર બેઠી. રમા ઘરના રસોડામાં કામ કરતી હતી. શેઠાણીનો મિજાજ પારખી ગઈ. ઠંડા પાણીનો ગ્લાસ લઈને આવી. આવા રંગમાં શ્ઠાણીને જોઈને તેની હિમત ન ચાલી કે સમાચાર આપે.
અશોક તો બેડરૂમમાં કમ્પ્યુટર પર બેસી રમત રમવામાં તલ્લીન હતો. ઘરમાં બધાને ખબર હતી, કે જો આરતીનો મિજ્જ ઠેકાણે ન હોય તો તેને સતાવવી નહી. પોતાની મેળે ઠંડી થાય પછી જે કરવું હોય તે કરે. આરતી કશું બોલી નહી. ચૂપચાપ સોફા પર બેસી, પર્સમાં કેટલા પૈસા બાકી છે તે ગણી રહી.

અચાનક તેની નજર બારણામાં પડી, જોયું તો અશોકના બૂટ. સમજી ગઈ અશોક ઘરમાં છે. એની આવી ધાંધલ જોઈને તે બહાર પૂછવા પણ ન આવ્યો , 'મેમ સાહેબ શું થયું ? કેમ કોના પર નારાજ છો?'
આરતીએ રમાને બૂમ પાડી. રમા નીચી નજર રાખીને તેની સામે આવી ઊભી રહી.

'બહેન ચા બનાવું '?

આરતીએ આંખના ઈશારાથી પૂછ્યું,'સાહેબ આવી ગયા છે"?

રમાએ ડોકું ધુણાવી હા પાડી.

આરતીને થયું બદલો લેવાનો આ સરસ ઉપાય છે. મોટેથી બોલી ' હા સરસ એલચી વાળી ચા બનાવ. હું પેલા તાજા ખારા બિસ્કિટ બેકરીમાંથી લાવી છું તે પણ સાથે લાવજે'.

સારું કહી રમા જતી રહી.
એ ઘના વર્ષોથી આ ઘરમાં કામ કરતી હતી. સાહેબ અને શેઠાણીને કેમ સાચવવા બરાબર આવડતું હતું. વરંડામાં ફુદીનો અને લીલી ચા તોડવાના બહાને અશોકને કહું ,તમારી ચા પણ સાથે લાવીશ.

'અશોક મનમાં મલકાઈ રહ્યો.
'

ચા તૈયાર થઈ એટલે અશોક હાથમાં ચાની ટ્રે અને ખારી બિસ્કિટ સાથે બેઠક રૂમમાં આવ્યો. બંને જણા ખડખડાટ હસી રહ્યા. કોણ કોની અવગણના કરતું હતું ?
પતિ અને પત્નીના જીવનમાં આવા પ્રસંગો ઉદીપકનું કામ કરે છે. જીવનમાં તાજગી ભરે છે. જ્યારે પતિ અને પત્નીને એકબીજા સાથે તોછડી ભાષામાં વાત કરતા જોંઉ , ત્યારે દિલમાં ગ્લાનિ થાય છે.

**પ્રવિણા, કડકીયા, અમેરીકા**

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOGSS NO: - 174**
વિષય :- રાવણ દહન
શીર્ષક :- રામ અને રાવણ
( લઘુકથા )
પ્રકાર :- ગદ્ય
શબ્દ સંખ્યા :- ૩૪૦

વિજ્યાદશમીનો એ દિવસ.તીરોથી વિંધાયેલ ને લોહીથી લથબથ રાવણ ધરતી પર પડેલ છે.ઉત્તર દિશામાં તેના દસમાથા જેવડું મસ્તક છે,ને દક્ષિણ દિશામાં મહાકાય ખડતલ પગ, કે જેમાં તીરો ભોંકાયેલા છે.. રાવણની આંખો બંધ છે.પણ બંધ આંખોએ પણ એના ચહેરા ઉપર ગહન તૃપ્તિના ભાવ છે.

રાવણના પગ પાસે થોડા દૂર ભગવાન શ્રીરામ ઊભા છે.રામના ઈશારાથી લક્ષ્મણ સહિતના તમામ સેનાર્થી દૂર દૂર ઊભા છે.રાવણની મૃત્યુ શૈયાથી રીતસર ફરતું ગોળ વર્તુળ રચાયેલ છે,જેમાં કેન્દ્રમાં ફક્ત શ્રીરામ અને મૃત્યુને આરે સૂતેલા રાવણ છે.

ત્યાં શું થઈ રહ્યું છે,એ વર્તુળની ફરતે ઉભેલા કોઈ કળી શકતા નથી.

થોડી વારે રાવણે આંખ ખોલી.એના મુખ પર સ્મિત ફેલાયું. એણે બે હાથ જોડવાની નિરર્થક કોશિષ કરી,પણ હાથ,ખંભા બધી જગ્યાએ તીરની જાળી બિછાયેલ હતી.શ્રીરામે આંખના ઈશારાથી ના કહી.બંનેની આંખો મળી.ફરી રાવણ હસ્યો.શ્રીરામ એનું હસવું કળી ગયા.આખરે શ્રીરામે મૌન તોડયું."હા,તમે જીત્યા.બસ"

રાવણ માંડ માંડ ત્રૂટક ત્રૂટક શબ્દે બોલ્યો, "ના પ્રભુ,જીત્યા તો તમેજ... , ને...તમેજ મારી જીદ પૂરી કરી"

"ભક્તોની જીદ એ જીદ નથી લંકાધિપતી.ને તમે તો સાબિત કરી બતાવ્યું કે દુશ્મન બનીને પણ ઉત્તમ ભક્તિ કરી શકાય છે"

"કેમ તમે તો કહેતા હતાંને વિષ્ણુ રૂપે કે,ભક્તે મુક્તિ માટે મારી પાસે આવવું પડે,હું ના જાવ" ધીમું ધીમું હસતા રાવણ બોલ્યો.

"એટલે તો મે પેલાજ કહ્યું કે, લંકાનરેશ,તમે જીત્યા" શ્રીરામે હસતા હસતા કહ્યું.

દૂર ઉભેલા તમામને નહોતું કઈ સંભળાતું કે નહોતું કઈ સમજાતું.થોડા ગુસ્સે થતાં લક્ષ્મણજી તો ક્યારના ત્યાં આવવા તલપાપડ હતા ને રાવણને ઘણું ઘણું સંભળાવવા માંગતા હતા.પણ શ્રીરામ એમને પણ પાસે આવવાની પરવાનગી નહોતા આપતા.એટલે લક્ષ્મણજી દૂર દૂર વ્યાકુળ આમથી તેમ આંટા મારતાં હતાં.

" યોગાધિપતી,તમારા જેવી ભક્તિ કોઈએ કરી નથી ને ક્યારેય કરી પણ નહિ શકે" શ્રીરામે આંખમાં સ્નેહના ભાવ બતાવી બોલ્યા.

" પ્રભુ,ભક્તિ કે દુશ્મની ?" કહી રાવણ ફરી હસ્યાં.

" બન્ને " શ્રીરામ પણ ધીમું મલકાયા.

" પ્રભુ,હવે આજ્ઞા આપો,ને મારા પ્રણામ સ્વીકારો." રાવણની આંખ શ્રીરામને ભાવથી નીરખી રહી હતી.

" સુખેથી સિધાવો દશાનંદ.. તથાસ્તુ... "

ને રાવણે આંખો ઢાળી દીધી.શ્રીરામે ઊંડો શ્વાસ લીધો ને મનમાં બોલ્યા, "જિદ્દી ભક્ત, મનમાન્યું કરીને જ રહ્યો.અત્યારે અહીયાં ને ત્યાં કળિયુગમાં દેવો,માનવો ને દાનવો રાવણને મારો દુશ્મન સમજશે ને કદાચ રાવણ દહન પણ કરશે.

- શાંતિલાલ કાશિયાણી 'શાંતિ' ( ધ્રોલ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No:- 364***
★વિષય:- "દશેરા, રાવણદહન, શસ્ત્રપૂજા"★
★શીર્ષક:- "દશાનન"★
★શબ્દો:- ૨૫૨★

પુલતસ્ય ઋષિ અને કૈકેસી ( રાક્ષસી )નો પુત્ર તે રાવણ. ★"દશાનન"★ - એ શબ્દ આલંકારિક છે.દશ મુખ હોય તો જીવી,રહી,સૂઈ કેમ શકાય ? તે દશ મસ્તક જેટલી બુદ્ધિ ધરાવતો તેથી દશાનન.રાવણ વેદોનો જ્ઞાતા હતો, વેદોનો આચાર્ય હતો.ઋષિ પિતાના ગુણોને બદલે માતા કૈકેસી ( રાક્ષસી) ના ગુણો આવ્યા તેથી મતિ બગડી ગઈ હતી.નવધા ભક્તિમાં એક ભક્તિ ગણાય છે શત્રુભાવે ભક્તિ અને આ બહુ આકરી છે.આપણાં સગાંમિત્રો કરતાં શત્રુ મગજમાં જ રમતો હોય છે.આમ રાવણે શ્રીરામની શત્રુભાવે ભક્તિ કરીને પ્રભુ સાથે શત્રુતા બાંધી હતી. શ્રીરામને પણ આ વાતની ખબર જ હતી.

જ્યારે તે યુદ્ધમાં હણાયો અને પ્રાણત્યાગ નહોતા કર્યા ત્યારે શ્રીરામે લક્ષ્મણને આજ્ઞા કરેલી," હે લક્ષ્મણ, રાવણ પાસે જાઓ અને જ્ઞાન આપવાની યાચના કરો." ત્યારે લક્ષ્મણને બહુ ખોટું (માઠું) લાગ્યું હતું કે," મોટાભાઈ શત્રુ રાક્ષસ રાવણ પાસે મને જ્ઞાન લેવા મોકલે છે?" પણ શું થાય મોટાભાઈની આજ્ઞા હતી એટલે જવું તો પડે.પ્રભુ શ્રીરામ તો અંતર્યામી હતા.તેઓ લઘુબંધુના મનોભાવ જાણી ગયા હતા.

લક્ષ્મણ રાવણ પાસે ગયા અને એમને એમ પાછા આવ્યા. તેમણે કહ્યું," મોટાભાઈ, તેની પાસે જ્ઞાન જેવું કશું નથી." ત્યારે પ્રભુએ કહ્યું," હે અનુજ, તમે નમ્રભાવે એમ કહ્યું હતું કે હે ગુરુજી, મને જ્ઞાન આપો, જાઓ પાછા અને ઘૂંટણિયે નમીને વંદન કરીને જ્ઞાનયાચના કરો." લક્ષ્મણે તે મુજબ કર્યું અને વેદજ્ઞાન પ્રાપ્ત કર્યું.

આમ રાવણ વેદોનો આચાર્ય હતો કિંતુ દશ અવગુણો કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સ્ય, અહંકાર, વાસના, વિકાર, ઈર્ષા અને ઘમંડ તેના માનસમાં હતા.આ દશ અવગુણોને બાળવાનો અને તેમના પર વિજય મેળવવાનો દિવસ તે ★" દશેરા "★ ★"વિજ્યાદશમી."★ આપણે વાંસ અને ફટાકડાનો રાવણ બનાવીને બાળીએ છીએ પણ દુર્ગુણોની બાબતમાં હતાં ત્યાંને ત્યાં જ.

મનસુખભાઈ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : દશેરા, રાવણદહન, શસ્ત્રપૂજા
શિર્ષક : રામાયણમાં રાવણ
પ્રકાર : લેખ શબ્દો : ૨૧૭

રામાયણનુ નીંદનીય પાત્ર એટલે રાવણ. અહમ્ અને મીથ્યા અભિમાનનો પર્યાય એટલે રાવણ. ગમે તેટલી વિદ્વત્તામાં જો અહમ્ ઉમેરાય તો સમજવું કે જીવનનો નાશ. ફક્ત ને ફક્ત પોતાનો અહમ્ સંતોશવા માટે શ્રીરામની ભાર્યા સીતાનું અપહરણ કર્યું, અને રામાયણ સર્જાયું.

રાવણ એના કાળમાં ખૂબ જ જ્ઞાની અને બુધ્ધિમાન ગણાતો હોય એવો બ્રાહ્મણ હતો. બ્રાહ્મણ કુળમાં જન્મ થયો હોવા છતાં કર્મે દાનવ હતો. દાનવ જેવા હીન કૃત્યો કરતો. લંકાપતિ રાવણ લંકેશ કહેવાતો.તેને દસ? માથા હતા તેથી તેને દશાનન પણ કહેવાયો. તેનામાં દસ માથા જેટલી બુધ્ધિ હતી એવું પણ કહેવાય છે.

તેની નગરી એટલે સુવર્ણ નગરી. એના નગરમાં પ્રજાને ખૂબ સુખસુવિધા આપતો.એ ખૂબ જ સારો શાશક પણ હતો. તેથી આપણે ભલે દશેરાએ રાવણનું દહન કરીએ પણ શ્રીલંકામાં આજે પણ લોકો એક સુશાશક તરીકે યાદ કરીને રાવણની પૂજા કરે છે. તેની પાસે પુષ્પક વિમાન હતું. જે તણે તેના ભાઈ કુબેર પાસેથી લડાઈ કરીને જીતીને લીધું હતું.

તે ચારે વેદોનો જાણકાર હતો. શિવનો પરમભક્ત હતો. શિવતાંડવસ્તોત્રમ્ ની રચના કરી હતી. સંગીતપ્રેમી પણ હતો. સંગીત નું ખૂબ જ્ઞાન હતું. રાવણે પોતે એક વાદ્ય બનાવ્યું હતું જે આજે પણ રાવણહથ્થાના નામથી પ્રચલિત છે. શ્રીરામ પોતે રાવણના જ્ઞાન વિશે જાણતા જ હતા. રામ રાવણના યુધ્ધ પછી રાવણના અંત સમયે રામે લક્ષ્મણને રાવણ પાસેથી રાજનીતિ શીખવાનું કહ્યું હતું.

આમ, રાવણ વિશેની જાણકારી આટોપવા બેસીએ તો રામાયણ ગ્રંથ પણ કદાચ નાનો પડે! અસ્તુ ??
૦૦૦ગ્રીષ્મા પંડ્યા ૦૦

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★"

**NOG SS NO - 191**
પ્રકાર - પદ્ય
વિષય : દશેરા રાવણ...
શીર્ષક : " દશેરા નો રાવણ "
રાવણ ઉવાચ...

રાવણ કહે હવે નહી બળું,તમારામાં છે એને બાળો,
અરે બાળો નહી તો કંઈ નહી કોક એને હવે ખાળો.

દશાનન હતો હું ને હતો અભિમાનનો મોટો ઉછાળો,
આ માથા વગરનો કુદે માનવી એનો ગર્વ કોક ગાળો,

મારા અવગુણ ગાઈ ને ભલે મને કાયમ હલકો દેખાડો,
હું તો દાનવ છું પણ તમે તો તમારો માનવ ધર્મ પાળો.

ઘેર ઘેર પાકશે રાવણ જો નહી મળે સંસ્કાર કે સુધારો,
વંઠી ગયો છે વસ્તાર બધો કોઈ સીધા રસ્તે એને વાળો

ઊંચી આંખ કરી શકે ના ભલે હોય મોટા માથા વાળો,
એવો પાઠ ભણાવો કે કદી કરે ના બેન દીકરીનો ચાળો.

સાંઢ જેમ નીકળી પડ્યા, નથી બળાત્કારી ડર કે ડારો,
નાથો એને કોઈ પણ ભોગે ભલે કાયદો લાવો
આભાર - નિહારીકા રવિયા કાળો.

જમાનો રહ્યો નથી અમારો કે પવિત્રતા પુરી જળવાશે,
દીકરીઓ તમે પણ હવે લક્ષમણ રેખા ઓળંગવાનું ટાળો.

વિનોદ સોલંકી " મિત્ર " લખતર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO- 195**
વિષય:- દશેરા, રાવણ દહન , શસ્ત્રપૂજા
શીર્ષક:- દુર્ગુણો બાળો
પ્રકાર:- પદ્ય / ગઝલ શબ્દો:- ૮૩

રસ્તે રસ્તે રાવણ છે, તુ કોને બાળીશ ?
કેડીએ કેડીએ કુંભકરણ કોને જગાડીશ ?

ખરા ખોટામાં પહેલાં તુ ખરો થૈ જા ખોરડે,
ખોટો રહીશ ખોળીએ, તુ કોને ખખડાવીશ.

દંભ અને દૂષણ પર દશેરા એ દમન કરજે
રાવણ રાખી રુદયમાં રાવણને શુ દઝાળીશ?

અહમ ઓછો થશે તો અવિનાશી ઓળખાશે
નમન કરીશ નારીને,સન્નારીમાં સીતા ભાળીશ

અન્યાય, અત્યાચાર ને આઘો કરજે અમૃત
તોજ કામ,ક્રોધ, લોભ ને દશેરા એ બાળીશ

વૈરાગ્ય એજ વિજય છે, જ્ઞાન હશે તો માન
ભક્તિ ભેળી ભળશે તો ભગવાનમાં ભળીશ

અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0037**
★નામ :-★ હેમલતા દિવેચા
★વિષય ★:- દશેરા, રાવણ દહન.....
★પ્રકાર:-★ ગદ્ય શીર્ષક:-★ રામ રાજ્ય.
★શબ્દસંખ્યા:-★ ૧૪૫

દશેરાને દિવસે આપણે બધાં રાવણના પૂતળાનું દહન કરી ઉત્સવ મનાવીએ છે.
પણ કયારેય કોઈએ એવું વિચાર્યુ છે કે સમાજમાં ચો-તરફ ખુલ્લે આમ ફરતાં હજારો રાવણો છે તેનું શું ?
કોઈ તનથી, કોઈ મનથી કોઈ દ્રષ્ટિથી વળી કોઈ પોતાની અંતર આત્માને મારી અને રાવણ બની બેઠાં હોય છે.
તો પછી રાવણના દહનની શી જરૂર છે ?
જરૂર છે તો માત્ર આપણી અંદર છુપાયેલા 'રામ' ને શોધવાની. જો એ 'રામ' રૂપ ના દર્શન થઈ જાય તો પછી કયારેય રાવણ દહનની જરૂર જ ના રહે. અને દરેકનાં જીવનમાં રામ રાજ્ય સ્થપાય તો ચાલો આપણે એક સંકલ્પ કરીએ આપણી અંદર રહેલાં ક્રોધ, મોહ, અંહકાર, ઈર્ષાનું દહન કરીએ ફરી રામરાજ્યની સ્થાપના કરીએ.

હેમલતા દિવેચા ' હેમ ' જૂનાગઢ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS 0092**
પ્રકાર - પદ્ય
વિષય - દશેરા. શબ્દ - ૧૮૦

મદ, વિદ્વત્તા પર ભારે પડ્યું,
ઓ રાવણ! તને તારું અભિમાન નડયું.
મળ્યું જે સાચવતા ના આવડ્યું,
વિદ્વાનોની વચ્ચે રહીનેય કપટ તે ના છોડ્યું.

શક્તિ તારી ત્રિલોકમાં વિખ્યાત હતી,
ભક્તિ તારી શિવજીની પ્રખ્યાત હતી.
કુબુદ્ધિ શું સૂઝી કે હરણ તે સીતાનું કર્યું?
વિભીષણ ને મંદોદરીની વાતોથી તે મ્હોં ફેરવ્યું.

સીતાજીના ચરણની રજ પણ દુર્લભ હતી,
મંદોદરી ને અન્ય પટરાણીઓ સહેજે સુલભ હતી.
રામના તીરથી વીંધાવા દુઃસ્સાહસ તે કેવું કર્યું !
સાધુનું રૂપ ધરીને કામ શેતાનનું તે કર્યું.

દશેરા યાદ દેવડાવે છે તારા અભિમાનની,
સોનાની લંકાના સ્વામીના અધઃપતનની.
દશ મસ્તકમાં ઠાંસી - ઠાંસીને તે અહંકાર ભર્યો,
ત્રિલોકનો સ્વામી થવા યોગ્ય તું રણભૂમિમાં કમોતે મર્યો.

રાવણ છે કરોડો અહીં તો હણવાને માટેય રામ છે,
બુરાઈ પર વિજય મેળવવો એ જ ભલાઈનું કામ છે.
ભલે સંઘર્ષ વિના સિદ્ધિ નથી એ વાત સરેઆમ છે,
અહીં હનુમાનજીનો સાથ મેળવી રામને હૈયેય હામ છે.

દરેક બુરાઈનો અંત નિશ્ચિત છે,
કપટથી મેળવેલ સિદ્ધિઓનું કમોત નિશ્ચિત છે.
જુઓ ! રામના પગલાના અણસાર છે થઈ રહયાં,
જાગી જાઓ રાવણો ! ફરી એક રામાયણ નિશ્ચિત છે.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***N. O. G. S. S, No. 0102*.**
★વિષય :- દશેરા , રાવણ દહન , શસ્ત્ર પૂજા★ .
★શીર્ષક :- દશેરા ની ઉજવણી★ .
★શબ્દ :- ૨૮૫. ગદ્ય લેખ ★ .

ભગવાન શ્રી રામચંદ્ર જ્યારે રાવણ ઉપર વિજય કરી અને પાછા ફર્યા તે ઉત્સવને વિજય ઉત્સવ એટલે કે દશેરા તરીકે ઉજવવામાં આવે છે . રામચંદ્રજીએ રાવણ જેવા ભયાનક અસુરનો સહાર કરી અને આ જગતમાં રામરાજ્યની સ્થાપના કરી . રામચંદ્રજીએ મહાન શક્તિશાળી રાક્ષસ રાજા રાવણને હરાવ્યો અને યુદ્ધમાં વિજય પામી અને તેઓ પાછા ફર્યા .

માતા દુર્ગા એ મહિસાસુર જેવા અનેક રાક્ષસોનો સંહાર કર્યો તે દિવસ દશેરા તરીકે આપણે ઉજવીએ છીએ . માતાજીએ અસુરો અને રાક્ષસોની ઉપર પ્રહારો કરી દેવો પણ ન જીતી શકે તેવું મહાન કાર્ય કરી અને આ જગતને દુષ્ટોથી રક્ષણ આપ્યું તેના માનમાં પણ દશેરા ની ઉજવણી થાય છે .

દશેરાની ઉજવણી ગામેગામ કરવામાં આવે છે . માતાજીની ગરબીમાં પણ રામે રાવણને સંહારિયો નો ગરબો ખૂબ આનંદથી ગાવામાં આવે છે . એ દિવસે રાવણના અને બીજા લોકોના વેશ પણ ગરબીમાં કાઢવામાં આવે છે અને માતાજીની આરાધના અને પૂજા કરવામાં આવે છે . દશેરાના દિવસે દરેક મંદિરોમાં પણ ઉત્સવની ઉજવણી થાય છે . લોકો મિષ્ટાન ભોજન કરે છે. ખાસ તો નવરાત્રીનો અંતિમ દિવસ છે. સવારે જલેબી ગાંઠિયાનો નાસ્તો કરે છે . રાત્રે ગામે ગામ રાવણના પૂતળાનું દહન કરવામાં આવે છે અને લોકો ઉત્સાહભેર આ દહનના કાર્યક્રમમાં હાજરી આપે છે . જગત ઉપર અસુરોનો નાશ કરી અને સત્ય ઉપર વિજય થયો તેની યાદમાં આ દહન કરવામાં આવે છે .

દશેરાના દિવસે શસ્ત્રોનું પૂજન કરવામાં આવે છે. શસ્ત્રો એ આપણું રક્ષણ કરતા છે અને શસ્ત્ર દ્વારા જ દુષ્ટોની ઉપર વિજય પ્રાપ્ત કરી શકાય છે . માટે નાના મોટા તમામ પ્રકારના શસ્ત્રોની પૂજા પણ દશેરાના દિવસે કરવામાં આવે છે . ખાસ કરીને રજપૂતો અને અન્ય જાતિના લોકો જેઓની પાસે શસ્ત્ર હોય છે તેઓ શસ્ત્રોનું પૂજા કરે છે અને તે દિવસે પણ આ ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે . આમ ભારતમાં દશેરા રાવણ દહન અને શસ્ત્ર પૂજનનું ઘણું મહત્વ છે .

રતીલાલ વાયડા

# રહેઠાણ સિવાયની કોઈપણ મિલકતને ભાડે આપશો તો ૧૮% GST ચૂકવવો જ પડશે




રહેઠાણ સિવાયની કોઈપણ સ્થાવર મિલકત જીએસટીનું રજિસ્ટ્રેશન ન ધરાવતી વ્યક્તિ રજિસ્ટ્રેશન ધરાવનાર વ્યક્તિને ભાડેથી આપે તો રજિસ્ટ્રેશન ધરાવતી વ્યક્તિ પોતે ભાડાની રકમના ૧૮ ટકા રકમ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ પેટે ભાડે લેનાર વ્યક્તિએ સરકારમાં જમા કરાવવો પડશે. આ રીતે દુકાન, ઓફિસ, ગોદામ, જમીન કે પછી કો વર્કિંગ પ્લેસ ભાડે આપનાર રજિસ્ટર્ડ વ્યક્તિ હોય તો તેની પાસેથી ભાડેથી તે જગ્યા લેનારે ૧૮ ટકાના દરે જીએસટી જમા કરાવવો પડશે. રહેઠાણ સિવાયની કોઈપણ મિલકતને કોઈપણ હેતુથી ભાડે આપવામાં આવશે રજિસ્ટર્ડ ડીલર અનરજિસ્ટર્ડ વ્યક્તિ કે કંપની કે સંસ્થાને આપશે તો તેને માટે ભાડું ઉપરાંત ભાડે લેનારે ૧૮ ટકાના દરે જીએસટી ચૂકવવો પડશે.

સીબીઆઈસીએ આઠમી ઓક્ટોબરે બહાર પાડેલો આ પરિપત્ર દસમી ઓક્ટોબરથી સમગ્ર દેશમાં લાગુ પડશે. જોકે કોમર્શિયલ પ્રોપર્ટી ભાડે આપવા માટે પહેલાથી જ ૧૮ જીએસટી વસૂલવામાં આવતો હતા. જીએસટીના એક્સપર્ટ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હેમ છાજેડનું કહેવું છે કે આ નવા પરિપત્ર પછી રહેઠાણ માટેનું ઘર કોઈને રહેવા માટે કોઈ વ્યક્તિ ભાડે આપશે અને ભાડે આપનાર વ્યક્તિ જીએસટીનું રજિસ્ટ્રેશન ન ધરાવતો હોય અને તે મકાન ભાડે લેનાર પણ રજિસ્ટર્ડ ન હોય તો તેવા સંજોગમાં તેમને ગુડ્સ એન્ડ સવસ ટેક્સ ભરવામાંથી માફી મળશે. બીજા શબ્દોમાં કહીએ તો તેમના પર કોઈ જ જીએસટી લાગશે નહિ.બીજીતરફ જીએસટી રજિસ્ટ્રેશન ધરાવનાર વ્યક્તિ પોતાની માલિકીની રહેઠાણની જ મિલકત હોય અને તે કોમર્શિયલ હેતુ માટે કોઈપણ વ્યક્તિને ભાડેથી આપશે તો તેણે તેના ભાડાંની આવક પર ૧૮ ટકાના દરે જીએસટી ચૂકવવો પડશે. આમ આ સોદામાં મિલકત ભાડે આપનારે જ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચૂકવવાનો આવશે.

ત્રીજું, રહેઠાણની મિલકત હોય અને રહેઠાણના હેતુથી જ તે મિલકત ભાડે આપવામાં આવશે અને ભાડે આપનાર જીએસટી રજિસ્ટ્રેશન ન ધરાવતો હોય અને ભાડે લેનાર રજિસ્ટર્ડ વ્યક્તિ કે સંસ્થા હશે તો તેમને જીએસટી ભરવામાંથી માફી મળશે. ચોથું રહેઠાણની મિલકત હોય અને તેનો કોમર્શિયલ હેતુ માટે ઉપયોગ કરવાના હેતુથી ભાડે આપવામાં આવે અને ભાડેથી આપનાર વ્યક્તિ જીએસટી રજિસ્ટ્રેશન ન ધરાવતી હોય અને જીએસટી રજિસ્ટ્રેશન ધરાવનાર વ્યક્તિને તે મિલકત ભાડેથી આપે તો તેવા સંજોગોમાં ભાડેથી લેનાર અને ભાડું ચૂકવનાર વ્યક્તિએ તેના પર ૧૮ ટકા જીએસટી સરકારમાં સીધો જમા કરાવવો પડશે. આ વ્યવસ્થાને રીવર્સ ચાર્જ મિકેનિઝમ તરીકે ઓળખાવવામાં આવે છે.

રેસ્ટોરાંની જગ્યા પણ બહુધા ભાડે જ લેવાયેલી હોય છે. રેસ્ટોરાં પાસે જીએસટીનું રજિસ્ટ્રેશન હોય જ છે. પરંતુ ભાડે આપનાર રજિસ્ટર્ડ ન હોય તો તેવા સંજોગોમાં રેસ્ટોરાં સંચાલકોએ રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ ભાડાંની રકમ પરનો ૧૮ ટકા જીએસટી જમા કરાવવો પડે છે. હવે આ રેસ્ટોરાં ૧૮ ટકા જમા કરાવે છે તે તેની વધારાની કોસ્ટ થઈ જશે. તેની ક્રેડિટ તેને મળવાનો રસ્તો રહેતો જ નથી. રેસ્ટોરાંની વાનગીઓ પર લેવાતા ૫ ટકા જીએસટીનું તેમને રિફંડ મળવા પાત્ર જ નથી. તેથી ભાડાંની રકમ પરના ૧૮ ટકા જીએસટીની રકમ એડજસ્ટ કરવાનો કોઈ વિકલ્પ નથી. તેવ જ રીતે આ રેસ્ટોરાં ઈ-કોમર્સ પણ કરે છે. તેના પ્રોડક્ટ્સની ડીલીવરી સ્વિગી અને ઝોમેટો જેવા ડિલીવરીના કામ કરનારાઓના માધ્યમથી થાય છે. ડીલીવરી કરનાર સ્વિગી અને ઝોમેટો પ્રોડક્ટ્સ પરના જીએસટીની રકમ તે ખરીદનાર પાસેથી વસૂલીને સરકારમાં સીધી જમા આવી દે છે. તેથી રેસ્ટોરાં સામે તે એક્ઝમ્પ્ટેડ સેવા થઈ જાય છે. તેથી તે રકમની ઈનપુટ ટેક્સ ક્રેડિટ તેને મળવાપાત્ર બનતી જ નથી. આ વધારાના ખર્ચનો બોજ વાનગીઓના ભાવ વધારી દઈને ગ્રાહક નામની કન્યાની કેડ પર નાખી દેવામાં આવશે.

દસમી ઓક્ટોબરથી અમલમાં આવનારા આ પરિપત્રને કારણે જે બિઝનેસ ઈન્વર્ટેડ ડ્યૂટી સ્ટ્રક્ચર કે પછી એક્ઝમ્પ્ટેડ હશે તે બિઝનેસને આ વ્યવસ્થા હેઠળ કોઈ જ રિફંડ મળી શકશે નહિ. તેમની મોટી રકમ બ્લોક થઈ જવાની સંભાવના રહેલી છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો એક કંપની કાચા માલની ખરીદી કરીને ફિનિશ્ડ પ્રોડક્ટ તૈયાર કરવા માટે અંદાજે ૧૮ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ચૂકવે છે. તેમના ફિનિશ્ડ પ્રોડક્ટ્સ પર ૧૨ ટકા જીએસટી લાગતો હોવાથી તેમના અંદાજે છ ટકા જેટલા નાણાં જીએસટી કચેરીમાં કાયમને માટે જમા પડયા રહે છે. આ રકમ તેમની કાયમને માટે બ્લોક થઈ જાય છે. હવે તેઓ પોતે તો જીએસટીમાં રજિસ્ટર્ડ છે. પરંતુ તેઓ જો જીએસટીમાં રજિસ્ટ્રેશન ન ધરાવનારી વ્યક્તિ પાસેથી કોઈપણ હેતુસર ભાડાથી મિલકત કે ઓફિસ લેશે તો તેને માટે તેમણે ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે. જીએસટીની આ રકમની તેમને ક્રેડિટ મળશે, પરંતુ તેનું રિફંડ મળશે નહિ. કારણ કે સર્વિસનું રિફંડ આપવામાં આવતું જ નથી. આમ ભાડેથી મિલકત આપવી તે સર્વિસ છે. તેનું રિફંડ મળી શકે જ નહિ.

એક્ઝમ્પ્ટેડ કેટેગરીમાં આવતા બિઝનેસ ધારકોને આ નવા પરિપત્રને કારણે બહુ જ ખરાબ સ્થિતિમાં મૂકાવું પડશે એમ જણાવતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હેમ છાજેડ જણાવે છે કે, 'એક્ઝમ્પ્ટેડ કેટેગરીમાં હોસ્પિટલ સેવા આપનારા, ઈ-કોમર્સવાળાનો સમાવેશ થાય છે. ઈ-કોમર્સવાળા રજિસ્ટર્ડ છે પણ જીએસટીમાં માફીપાત્ર ગણાય છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો સામાન્ય રીતે હોસ્પિટલ્સ જગ્યા ભાડેથી જ લે છે. હોસ્પિટ્લ જીએસટીમાં રજિસ્ટર્ડ હોય જ છે. તેમણે ભાડેથી લીધેલી મિલકત પર ૧૮ ટકાના દરે જીએસટી ચૂકવવો પડશે. પરંતુ તેમના ખાતામાં તેની ઈનપુટ ટેક્સ ક્રેડિટ આવે તો પણ તેઓ તેનો ઉપયોગ કરી શકશે નહિ. તેનો રિફંડ તરીકે તેઓ ઉપાડ પણ કરી શકતા નથી. આમ હોસ્પિટલ્સની જગ્યા ભાડેથી લઈને ચલાવનારાઓ પર ૧૮ ટકાનો વધારાનો બોજ આવશે. 'કોમ્પોઝિટનો એટલે કે લમસમનો વિકલ્પ પસંદ કરનારા વેપારીઓ સામાન્ય રીતે આવકના એક ટકા અથવા તો સર્વિસ પ્રોવાઈડર હોય તો આવકના છ ટકા રકમ જીએસટી જમા કરાવી દેવો પડે છે. તેઓ ભાડેથી જગ્યા લઈને ધંધો કરતાં હશે તો તેમના ભાંડાની રકમ પર ચૂકવવાના થતાં ૧૮ ટકા જીએસટીની રકમ તેમની કોસ્ટ વધારી દેશે. લમસમનો વિકલ્પ પસંદ કરનારાઓ જીએસટી રજિસ્ટ્રેશન ધરાવતા જ હોય છે. તેઓ અન રજિસ્ટર્ડ વ્યક્તિ કે સંસ્થા પાસેથી તેમની મિલકત ભાડે લેશે તો તેના પર તેમણે ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે. આ અઢાર ટકા રકમની તેમને ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળી શકશે નહિ, કારણ કે તેઓ લમસમનો વિકલ્પ પસંદ કરી ચૂક્યા છે. આ જ રીતે જીએસટીમા કોમ્પોઝિટ એટલે કે લમસમનો વિકલ્પ પસંદ કરનારા વેપારીએ રહેઠાણની મિલકત કોમર્શિયલ હેતુસર ભાડેથી લીધેલી હશે અને ભાડેથી આપનાર જીએસટી રજિસ્ટ્રેશન ધરાવતો નહિ હોય તો તેવા સંજોગોમાં રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ તેણે ૧૮ ટકાના દરે જીએસટી ચૂકવવો પડશે. તેની ઈનપુટ ટેક્સ ક્રેડિટ તેને મળશે નહિ.

## પાટણ સાયન્સ સેન્ટર ખાતે

# વિશ્વ અવકાશ સપ્તાહની ઉજવણી સાથે કેમેસ્ટ્રીમાં નોબેલ પુરસ્કાર વિજેતાની જાહેરાતનું લાઈવ પ્રસારણ કરાયું



પાટણના રિજિયોનલ સાયન્સ સેન્ટર ખાતે આજે ૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ વિશ્વ અવકાશ સપ્તાહના છઠ્ઠો દિવસની ઉજવણી સાથે આ વર્ષે કેમેસ્ટ્રી (રસાયણશાસ્ત્ર) માં નોબેલ પુરસ્કાર વિજેતાની જાહેરાતનું લાઈવ પ્રસારણ કરાયું તથા વિવિધ વૈજ્ઞાનિક પ્રવુતિઓ યોજાઈ. આજના કાર્યક્રમમાં રસાયણશાસ્ત્ર ના વિવિધ નોબેલ પારિતોષિકના પ્રયોગો પર વર્કશોપ, સર આલ્ફ્રેડ નોબેલ વિશે ડોક્યુમેન્ટ્રી-શો, નોબેલ પ્રાઈઝ વિશે સાયન્ટિફિક-શો, સાયન્ટિફિક-કવીઝ સ્પર્ધા અને વિવિધ ગેલેરી આધારિત પ્રવુતિઓ નો સમાવેશ થાય છે. આજે વિશ્વ અવકાશ સપ્તાહ નિમિત્તે ઈલેક્ટ્રોનિક્સ પર વર્કશોપ, સ્પેસ ટેક્નોલોજીમાં ઈલેક્ટ્રોનિક્સના ઉપયોગ પર વૈજ્ઞાનિક-શો, ડો. સી. વી. રામન પર ડોક્યુમેન્ટરી-શો, વગેરે નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેસાણા જિલ્લાથી આવેલ ૪૯ વિદ્યાર્થીઓ અને ૪ શિક્ષકો તથા ગુજકોસ્ટ, ગાંધીનગર આયોજિત સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લાથી શૈક્ષણિક પ્રવાસે આવેલ બે શાળાના ૯૦ વિદ્યાર્થીઓ અને ૮ શિક્ષકો તથા ૫૦ જેટલી જાહેર જનતા સહીત કુલ ૨૦૦થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો. સાયન્સ સેન્ટરના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો. સુમિત શાસ્ત્રી એ જણાવ્યું કે આવા કાર્યક્રમો દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણીનો વિકાસ થશે અને તેઓ વૈજ્ઞાનિક અભ્યાસ તરફ આકર્ષિત થશે, જે તેમને નવા સંશોધન કરવા માટે પ્રેરિત કરશે.

# નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સે ૯મા સ્થાપના દિવસની ઉજવણી કરી




નિરમા યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સે શૈક્ષણિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના વાઈબ્રન્ટ મિશ્રણ સાથે તેનો ૯મો સ્થાપના દિવસ ઉજવ્યો. દિવસની શરૂઆત વિદ્યાર્થીઓના આગમન અને નોંધણી સાથે થઈ, ત્યારબાદ એનઆઈએમ ઓડિટોરિયમમાં એક મેળાવડો થયો. ઉત્સવોની શરૂઆત જીવંત સાંસ્કૃતિક પ્રદર્શન સાથે થઈ, જેમાં વિદ્યાર્થીઓની સંગીત, નૃત્ય અને થિયેટરની પ્રતિભાઓનું પ્રદર્શન કરવામાં આવ્યું, જે ઉજવણી માટે ઉત્સાહપૂર્ણ સ્વર સેટ કરે છે.

આ કાર્યક્રમની વિશેષતા એ માનનીય મુખ્ય મહેમાન, ઈન્ડિયન બેંકના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી એસ. બી. સિંઘનું આગમન હતું, જેનું પરંપરાગત સમારંભ અને ઔપચારિક દીવાઓ પ્રગટાવીને જ્ઞાન અને સમૃદ્ધિના આશીર્વાદ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમર્સના ડીન અને ડાયરેક્ટર ડો. ઉદય પાલીવાલે સંસ્થાની નોંધપાત્ર સિદ્ધિઓ અને ભાવિ વૃદ્ધિ માટેની આકાંક્ષાઓ પર પ્રતિબિંબિત કરીને સભાને સંબોધિત કર્યું. તેમના આકર્ષક મુખ્ય ભાષણમાં, શ્રી એસ.બી. સિંઘે વૈશ્વિક આર્થિક પાવરહાઉસ તરીકે ભારતની વિકસતી ભૂમિકા પર ભાર મૂકતા "હદ્વૈક્ટહ ર્યુરિ જીંઅિ" પર વાત કરી. તેમણે અમૃત કાલના વર્તમાન તબક્કા પર પ્રકાશ પાડ્યો, આઝાદીની શતાબ્દી તરફ દોરી જતી ૨૫ વર્ષની સફરને ભારત માટે વિશ્વની ટોચની અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવાની સુવર્ણ તક ગણાવી. તેમણે વિદ્યાર્થીઓને નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને નૈતિક પ્રથાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા દ્વારા આ વૃદ્ધિના અગ્રણી બનવા પ્રોત્સાહિત કર્યા.

આ પછી, નિરમા યુનિવર્સિટીના મહાનિર્દેશક ડૉ. અનુપ કે. સિંઘે યુનિવર્સિટીની સતત પ્રગતિ અને નોંધપાત્ર સીમાચિહ્નો દર્શાવતા ભાષણ આપ્યું.

સમાપન ડૉ. સી.એસ. કરિશ્મા બુટાનીના હૃદયપૂર્વકના આભાર સાથે, મુખ્ય અતિથિનો તેમના પ્રેરણાદાયી શબ્દો માટે આભાર વ્યક્ત કરીને, ત્યારબાદ રાષ્ટ્રગીત સાથે થયું. પછી, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો બહુ-અપેક્ષિત શૈક્ષણિક સ્પર્ધા, "સશક્તિકરણ ભારત

# દેશમાં જાતમહેનત અને લોક ફાળાથી મીઠાં પાણીનુ મોટું સરોવર સાકાર કરી બતાવ્યું



સવિનય સાથે જણાવવાનું કે ૨૦૧૮ મા તેરથી વધારે ગામોના લોકોએ સંયભૂ જાત મહેનત જિંદાબાદ અપના હાથ જગન્નાથના સંકલ્પ સાથે મેથળા બંધારા વિકાસ સમિતિ બનાવી મેથળા બંધારાનુ નિર્માણ કર્યું અને દેશમાં જાતમહેનત અને લોક ફાળાથી મીઠાં પાણીનુ મોટું સરોવર સાકાર કરી બતાવ્યું અને સતત સાત વર્ષથી બંધારામા જરૂરી હોય તેવું કામ કરી મીઠા પાણીનો સત ઉપયોગ કરી હરીયાળી ક્રાંતિ સર્જી છે તેમાં ખાસ કરીને ઉંચા નીચા કોટડા ગામના લોકોએ મેથળા બંધારાનુ જતન કરવામાં અગ્રેસર ભુમિકા ભજવી છે તેથી તે બન્ને ગામોના લોકોને મેથળા બંધારા વિકાસ સમિતિ અભીનંદન આપી શ્રમયોગી કલ્યાણ પરીવાર તરીકે બીરદાવે છે તેમજ હાલમાં મેથળા બંધારો અવરફલો થતાં ખુશી છવાણી છે તેથી આજે તા.૧૦/૧૦/૨૦૨૪ ને ગુરુવારે નીચાં કોટડા આશાપુરા માતાજીના મંદિરે મેથળા બંધારા વિકાસ સમિતિ દ્વારા ઉંચાં કોટડા માંચામુંડા અને જાધપર વાળા માતાજીની લાપસી તેમજ ભુતડાદાદાના લાડવાની પ્રસાદીનું આયોજન કરેલ તેમાં આજુબાજુના તમામ ગામોના લોકો આ પ્રસંગે મેથળા બંધારામા દાન અને સહયોગ આપ્યો છે તેવા આગેવાનો હાજરી આપી તેમાં મેથળા બંધારાના મુખ્ય દાતા રાજભાઈ મહેતા,ભરતસિંહ તરેડી, વિજયભાઈ બારૈયા નૈપ,અલ્લાહુદીનભાઈ તળાજા?, મનુભાઈ મોભ વિગેરે આગેવાનોએ હાજરી આપી તેમાં ભરતસિંહ વાળાએ મેથળા બંધારો બનાવવામાં સરકાર લાંબા સમયથી લાંબી ધાયે ધવરાવવાની અને હાથીનાં દાંતની જેમ દેખાડવાના અને ચાવવાના જુદા તે સરકારની ગંદી હરકતો ખુલ્લી કરી અને નરેન્દ્રમોદીએ ૨૦૦૭ મેથળા બંધારો બનાવવામાં રૂપિયા પાત્રીસ કરોડથી બનાવી આપવા ખાત્રી આપી ત્યાર પછી ૨૦૧૫ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પંચાવન કરોડ રૂપિયાથી બનાવી આપવા શીહોરમાં જાહેરાત કરી અને ૨૦૧૮ માં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ૮૬ કરોડ રૂપિયાની સિધ્ધિતીક મંજુરી આપી છેલ્લે વિજયભાઈ રૂપાણીની સરકારે રૂપિયા ૧૩૭ કરોડ જાહેર કર્યો તે લોલીપોપ જણાતા મેથળા બંધારા વિકાસ સમિતિએ જાત મહેનત જિંદાબાદ બાદ અપના હાથ જગન્નાથના સુત્ર સાથે બંધારો ૨૦૧૮ છઠ્ઠી એપ્રિલથી શરૂ કરી ત્રણ મહિનામા ફક્ત રૂપિયા પંચાવન લાખમાં પૂર્ણ કર્યો અને આજે સાત વર્ષથી હરીયાળી ક્રાંતિ સર્જી દર વર્ષે પાંચથી દસ કરોડની ખેત પેદાશો મળવી તેમજ હાલના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ૨૪૮ કરોડ રૂપિયા મંજૂર કરેલ પણ આજદીન સુધી એક ઈંટ માંડી નથી તેનું મુળ કારણ સરકારને આ? વિસ્તાર અલ્ટ્રાટેક સિમેન્ટ કંપને આપવો છે ભરતસિંહે તમામ દાતાઓ અને સહયોગીઓને યાદ કરી બીરદાવેલ અને મેથળા બંધારોનો ત્રીસ વર્ષથી તે આજ સુધીનો વિગતે ઈતિહાસ જણાવતા? હાજર લોકો મંત્રમુગ્ધ થયા હતા અને ખુશી વ્યક્ત કરી તેમજ બંધારાની? વિગતે વાત કરી તે? યોગ્ય જણાતા અલ્લાહુદ્દીનભાઈ તળાજા વાળાએ બંધારાના રીંપેરીગ કામ કરવા રૂપિયા એક લાખ આપવાની જાહેરાત કરી તેને બંધારા સમિતિએ આવકારી તેમજ ઘટતાં રૂપિયા દોઢ લાખ રાજભાઈ મહેતાએ આપવાની ખાત્રી આપી અને આવનારા સમયમાં બંધારામા જે કરવું પડશે તે તમામ કરી આપવા રાજભાઈ મહેતાએ જણાવ્યું તેથી મેથળા બંધારા વિકાસ સમિતિ ખુશી વ્યક્ત કરી તેમ મેથળા બંધારા વિકાસ સમિતિ વતી વાળા ભરતસિંહ પોપટભા તરેડી પ્રમુખશ્રી મેથળા બંધારા વિકાસ સમિતિ જણાવી રહ્યા છે

# ગોતા આગમન પાર્ટી પ્લોટ અમદાવાદ ખાતે નાચે ગુજરાત નવરાત્રી મા ખેલયા ઓ ધૂમ મચાવી રહ્યા છે






અલકા આર્ટ દ્વારા છેલ્લા ૧૧ વર્ષ થી નવરાત્રી મહોત્સવ નુ આયોજન કરે છે આ અંગે ગરબા ના આયોજક શ્રી નૈતિક નાયક કે વાતચીત મા જણાવ્યુ હતુ કે ગુજરાત ની સંસ્કૃતી ની ધરોહર ગરબા વિશ્ર્વ વિખ્યાત છે અમદાવાદ ના લોકો મન મુકી નવરાત્રી ઉજવે ત્યારે ખૈલયા ઓ માટે સારી વ્યવસ્થા મા ઓરકેસ્ટ્રા જાણીતા ગાયક કલાકારો ખુબ મનોરજન કરાવી રહ્યા છે.સાથે સારી સિક્યોરિટી ગાર્ડ, ફાયર શેફ્ટી, અને મહિલા ખેલાયા ની સેફ્ટી નુ પણ ખુબજ ધ્યાન રાખવામાં આવે છે.અને મેનેજમેન્ટ સાથે બકુલ પરમાર( માંગલ્ય ઈવેન્ટ ) સહયોગ આપી રહ્યા છે.ખુબજ સુંદર આયોજન કરેલ છે.ખૈલયા ઓ મોટી સંખ્યા મા ધૂમ મચાવી રહ્યા છે

### A Scene of Religious Harmony with Thai Monks as Religious Leaders

# -Shincheonji Zion Christian Mission Center's Graduation of Class 115 in Thailand

On October 6th, the 'Shincheonji Zion Christian Mission Center's Graduation of Class 115 in Thailand' was held at The Legacy Hotel in Bangkok, Thailand, as part of a global celebration of the Shincheonji Zion Christian Mission Center's Graduation of Class 115.

The ceremony was attended by 30 general members and 30 graduating members of the Shincheonji Thailand Church, along with 20 Thai monks who are enrolled in the Bible Experience Program (BEP). It was notably remarkable to see leaders of other religions attending the church's graduation ceremony to congratulate the graduates.

A special highlight of the event was a speech delivered by a teenage student saint of Shincheonji, who spoke on the theme of birth, aging, sickness, and death. The graduates and other religious leaders were filled with admiration and amazement as the teenager delivered a testimony with profound mastery of the Word of the Bible. This moment underscored that upon graduating from the Zion Christian Mission Center, individuals—from childhood to adulthood—are able to master the Word of the Bible, as demonstrated through the student council's speech.


Ven.Tejinda, a monk and a participant of the second Bible Experience Program (BEP), shared his thoughts on participating in the BEP. He said, "I had never studied the Bible before, and I didn't even know how many books it contained. I now have a clear understanding of the meaning of Revelation and the content of its chapters, and I feel proud of that. Although I have learned about the definition of 'religion' from many other books before, I was not satisfied with those explanations. However, the BEP has provided a clear definition of 'religion,' and this will remain in my memory forever. I would like to recommend everyone to take part in the BEP. I would also like to express my gratitude to Chairman Lee Man-hee of Shincheonji, the Promised Pastor, as well as the instructors and evangelists, for helping me participate in this program."

Additionally, the Shincheonji Thailand Church has signed an MOU with a Migrant Worker Center(MWC), which is registered as an educational institution with the Thai government, to promote peaceful exchanges between Buddhist religious leaders. During the ceremony, a signboard presentation for the Shincheonji Religious Peace Center took place. The attendance of religious leaders who respect the teachings of the Shincheonji Church and their efforts to harmonize within the truth holds significant meaning, highlighting the potential for interreligious harmony.The Zion Christian Mission Center, which teaches solely based on the Bible, has rapidly spread worldwide. Starting in 1991 with 86 graduates, the Zion Christian Mission Center has seen consistent growth. In 2019, a total of 103,764 people completed the elementary, intermediate, and advanced courses, passed the graduation exam, and attended the graduation ceremony, which became the largest single-denomination graduation ceremony in the world, drawing international attention. In 2022 and 2023, 106,186 and 108,084 people graduated respectively, once again proving the excellence of its teachings.

Following the graduation ceremony, Shincheonji Thailand Church held a follow-up meeting with religious leaders to share the systematic and excellent education of Shincheonji Church, which is centered on the teachings of the Scriptures, and to promise further exchanges.

Additionally, the Migrant Worker Center (MWC), which signed an MOU with Shincheonji Church, plans to establish a new school and implement special lectures through the Bible Experience Program (BEP) to promote interreligious harmony.

# દેશ નું સાચું રતન... આજે વિદાય....લે છે.



દેશ માં ઉદ્યોગપતિ ઘણાં થયાં છે..
પણ સાચી નિષ્ઠા સાથે દેશ માટે જીવનારો
યુવાનો ને નવા સ્વપ્ના સાકાર કરતા કરનારો
મધ્યમ વર્ગ થી ગરીબ વર્ગ સુધી વિચારનાર
અનેક સાહસે સફળ થઈ ને સરળ બની જીવનારો
હોટલ ના વેઈટર ને તાજ માં સન્માન આપનારો
આતંકવાદી હુમલા પછી પણ તાજ ને તાજ રાખનારો
અનેક સેવા ભાવિ સંસ્થા માં કોઈ પણ નામ વગર અનેક આપનારો.....#RipRatantata
અલવિદા રતન... (હવે ટાટા... કહેતા દુઃખ થાય છે)

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.